# રાહુલ ગાંધી પોતાની છબિ બદલવાના મૂડમાં




## વાપીની સામાન્ય હૉટલમાં બેસીને સાદું ભોજન લઈ રાહુલે પોતાની જાતને કરી 'ન્યૂઝ ઈન'



ગાંધીનગર, તા. ૩

ગુજરાતમાં ચૂંટણીના ધમધમાટ વચ્ચે જે એક વાત ઉડીને આંખે વળગી રહી છે એ છે, કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી. 'યુવરાજ' તરીકે પંકાયેલા રાહુલ ગાંધી છેલ્લા ઘણા સમયથી આ છબિમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરી રહ્યા હતી અને હવે તેઓ આ પ્રયત્નમાં સફળ પણ થઈ રહ્યાં છે. રાહુલ ગાંધીની લોકપ્રિયતા ધીરે-ધીરે વધી રહી છે. વિવિધ ચૂંટણી પ્રચારો, ભાષણ, તેમની રીત-ભાતો વગેરે માટે અનેક વાર તેમની મજાક ઉડાવવામાં આવી છે. રાજકારણીય ક્ષેત્રે સોશિયલ મીડિયા પર સૌથી વધારે જોક્સ ફરતા થયા હોય એવા નેતાઓમાં રાહુલ ગાંધીનું નામ આવે છે. આમ છતાં, હિંમત હાર્યા વગર તેઓ સતત પોતાના કામને વળગી રહ્યાં છે અને આ વાતે લોકોના મનમાં તેમના પ્રત્યે કેટલેક અંશે આદરભાવ ઊભો કર્યો છે. રાહુલ ગાંધી શું કહેવા માંગે છે, એમાં લોકોને રસ પડ્યો છે. ચૂંટણી પ્રચાર સમયે તેમના ભાષણમ ઉમટતી ભીડ અને હાલના જ ભરૂચના રોડ શોમાં જોવા મળે ભીડ આ વાતનો પુરાવો છે.

કોંગ્રેસ યુવા નેતા તરીકે જે રાહુલ ગાંધીનો વર્ષોથી પ્રચાર કરી રહ્યું છે, એ યુવા નેતા હવે આખરે યુવરાજની છબિમાંથી ડોકિયું કાઢીને પ્રજા સામે જોઈ રહ્યો છે. આજથી થોડા મહિના પહેલાં જ જ્યારે રાહુલ ગાંધી પૂર પીડિતોને મળવા ઉત્તર ગુજરાતના ગામોમાં પહોંચ્યા ત્યારે લોકોએ મોદી-મોદીના નારા લગાવ્યા હતા. આમ છતાં, રાહુલ પોતાના પ્રયત્નો ક્યાંય પાછળ પડતા દેખાયા નથી. એનું જ પરિણામ છે કે, જે લોકો એક વખત રાહુલ ગાંધીની મજાક ઉડાવતા હતા, આજે તેમની સાથે સેલ્ફી પડાવવા ઊભા રહે છે. રોડ શો દરમિયાન જિદ્દી યુવતી સાથે સેલ્ફી પડાવવાની વાત હોય કે વાપીમાં સામાન્ય હોટલમાં બેસી લોકો સાથે ખીચડી-કઢી ખાવાની વાત હોય, રાહુલ ગાંધીએ સમાચારમાં અને લોકોના મનમાં સ્થાન મેળવવાના રસ્તા શોધી લીધા છે. લોકો પહેલા પણ રાહુલ ગાંધી સાથે ફોટા પડાવતા હતા, પરંતુ ગુજરાતમાં તેમનું આટલું માન નહોતું, આ પરિસ્થિતિ ધીરે-ધીરે બદલાઈ છે. ટ્વીટર પર પણ રાહુલ ગાંધીની સ્ટ્રેટેજીમાં ખાસું પરિવર્તન જોવા મળ્યું છે. રાહુલ ગાંધીએ જ્યારે ટ્વીટર જોઈ કર્યું ત્યારે તેઓ એટલા સક્રિય નહોતા, આજે તેમણે કુલ ટ્વીટની સંખ્યમાં નરેન્દ્ર મોદી અને અરવિંદ કેજરીવાલ જેવા નેતાઓને માત આપી છે. હાલના રાહુલ ગાંધીના ટ્વીટ મોટેભાગે રસપ્રદ વન લાઈનર્સ સમાન હોય છે, જે લોકોને ખૂબ પસંદ પડે છે અને અનેકવાર રિટ્વીટ પણ થાય છે. આ કારણે જ એવો પ્રશ્ન પણ થયો હતો કે, રાહુલ ગાંધીનું ટ્વીટર એકાઉન્ટ કોણ હેન્ડલ કરે છે ? એના જવામાં રાહુલે પોસ્ટ કરે રમૂજી વ્યંગાત્મક વીડિયો ખૂબ વાયરલ થયો હતો. ભાજપ દ્વારા બનાવવામાં આવેલ 'યુવરાજ'ની છબી તોડવામાં તેઓ ધીરે-ધીરે સફળ થઈ રહ્યા હોય એમ લાગી રહ્યું છે.

# માણસામાં અમિત ચૌધરી નિશ્ચિત હોવા છતાં પાટીદારોમાં ઉકળાટ યથાવત

## પાટીદારોને મનાવી લેવા ભાજપના પ્રયાસોમાં આંશિક સફળતાના પગલે અમિત ચૌધરી જુથ થોડુંક નિશ્ચિત બન્યુ

**કોંગ્રેસમાં પણ બાબુજી ઠાકોર અને સુરેશભાઈ પટેલના નામો માટે ખેંચતાણ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાની માણસા બેઠક પર ભાજપ તરફથી અમિત ચૌધરીનું નામ લગભગ નિશ્ચિત બન્યું છે ત્યારે પાટીદારોનો આક્રોશ વધતો જાય છે. છેલ્લા ત્રણ દિવસથી ભાજપના પ્રદેશ આગેવાનો માણસા વિસ્તારના પાટીદાર સમુદાયને સમજાવી રહ્યાં છે. મોટાભાગના કાર્યકરોએ અમિત ચૌધરીના સમર્થનમાં કામ કરવાની સંમતિ પણ આપી છે. આમ છતાં હજુ ગણગણાટ યથાવત છે.

રાજ્યસભાની ચૂંટણી સમયે કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા અમિત ચૌધરીને વચન આપ્યા મુજબ ભાજપે ટીકીટ આપવાનુ લગભગ નિશ્ચિત કરી દીધુ છે. આ સમાચાર પ્રસરતા માણસામાં ભાજપના પાટીદાર અગ્રણીઓનો ગુસ્સો આસમાને પહોંચ્યો હતો. જો કે ભાજપે અમિત ચૌધરીને ટીકીટ આપતા પહેલા ભાજપના પાટીદાર સમાજના આગેવાન ડી.ડી. પટેલને પોલીસ આવાસ નિગમના ચેરમેન પદે નીમીને પાટીદારોને મનાવી લેવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આનાથી પટેલ આગેવાનો માન્યા નહોતા. મોટી સંખ્યામાં પટેલ આગેવાનો ભાજપના મુખ્ય કાર્યલય કમલમ્ ખાતે રજુઆત કરવા પણ પહોંચ્યા હતા.

પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી સાથે ઉગ્ર રજૂઆત દરમ્યાન વાતાવરણ ગરમાયુ હતુ. જો કે કેટલાક મોભીઓએ બાજી સંભાળી લેતાં પાટીદાર આગેવાનો શાંત પડ્યા હતા. બીજા દિવસે જિલ્લા ભાજપના કાર્યાલય સે. ૨૧ ખાતે સંગઠન પ્રભારી અને પ્રદેશ ઉપપ્રમુખ કે.સી. પટેલે માણસાના બધાજ કાર્યકરોને સાથે તેડાવી વ્યક્તિગત રીતે રજુઆતો સાંભળી હતી. અને બધુ ભુલી જઈ સૌએ પક્ષને જીતાડવા કામે લાગી જવા અનુરોધ કર્યો હતો. આમ છતાં હજુ માણસા



વિસ્તારના પાટીદાર સમાજમાં ગણગણાટ ચાલુ જ છે.

બીજી તરફ કોંગ્રેસમાં પણ ટીકીટ માટે ભારે ખેંચતાણ છે. ભાજપ જ્યારે પાટીદાર સમાજને ટીકીટ આપી શકે તેમ નથી ત્યારે કોંગ્રેસી પટેલ આગેવાનો કલોલના પૂર્વ ધારાસભ્ય સુરેશ પટેલને ટીકીટ અપાવવા મેદાનમાં ઉતર્યા છે. બીજી તરફ પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના વિશ્વાસુ સાથી બાબુજી ઠાકોરની પણ પ્રબળ દાવેદારી છે. બાબુજી પણ વ્યાપક સમર્થન ધરાવતા કર્મઠ કાર્યકર છે. આમ કોંગ્રેસ હજુય અવઢવમાં જ છે.

# રાહુલ અને જીગ્નેશ મેવાણી વચ્ચે મહત્વની બેઠક

## નવસારીમાં બીઆર ફાર્મમાં રાહુલ-મેવાણીની વચ્ચે બેઠક સકારાત્મક : મેવાણી રાહુલ સાથે નવસર્જન યાત્રામાં જોડાયા

અમદાવાદ, તા.૩

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને દલિત નેતા જીગ્નેશ મેવાણી વચ્ચે આજે નવસારીમાં બી.આર ફાર્મ ખાતે એક ખૂબ જ મહત્વની બેઠક યોજાઈ હતી. બંને યુવા નેતાઓ વચ્ચે યોજાયેલી બેઠક અડધા-પોણો કલાક સુધી લાંબી ચાલી હતી અને તે સકારાત્મક રહી હતી. બેઠકમાં મેવાણીએ દલિત સમાજ તરફથી ૧૭ જેટલી મહત્વની માંગણીઓ રાહુલ ગાંધીના ધ્યાન પર મૂકી હતી અને તે પરત્વે કોંગ્રેસ તરફથી ૯૦ ટકા માંગણીઓ સ્વીકારી એકદમ હકારાત્મક વલણ દાખવાયુ હતું. બેઠક બાદ જીગ્નેશ મેવાણી રાહુલ ગાંધીની નવસર્જન યાત્રામાં પણ જોડાતાં ગુજરાતના રાજકારણમાં જોરદાર ગરમાવો આવી ગયો હતો. જીગ્નેશ મેવાણીની રાહુલ ગાંધી સાથેની બેઠકને લઈ ભાજપની ચિંતા વધી ગઈ હતી કારણ કે,



કોંગ્રેસ પહેલેથી જ ઓબીસી યુવા નેતા અલ્પેશ ઠાકોરને આંચકી ગઈ છે, ત્યારબાદ હાર્દિક પટેલના પાસના નેતાઓ સાથે બેઠક યોજી તેમની ચાર મહત્વની માંગણીઓ સ્વીકારી લીધી છે અનો હવે દલિત નેતા જીગ્નેશ મેવાણી સાથે બેઠક યોજવામાં સફળતા મેળવવાના કોંગ્રેસની રાજકીય વ્યૂહરચનામાં ભાજપ બહુ સીધી રીતે ઉણી ઉતરી છે. રાહુલ ગાંધી અને દલિત નેતા જીગ્નેશ મેવાણીની આજની બેઠક દરમ્યાન કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી પણ હાજર રહ્યા હતા. બેઠક બંધ બારણે અડધો-પોણો કલાક સુધી ચાલી હતી એ દરમ્યાન રૂમની બહાર કોંગ્રેસ અનો દલિત સમાજના અન્ય આગેવાનો અને કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં ઈન્તેજારી લગાવીને ઉભેલા જોવા મળતા હતા. જો કે, બેઠક સકારાત્મક રહેતાં સૌકોઈ ખુશ જણાતા હતા.


# ગુજરાતમાં મંદિર બેઠકો ઉપર ભાજપ-કોંગીનું પ્રભુત્વ નથી

અમદાવાદ, તા ૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને રણશિંગુ ફુંકાઈ ચુક્યું છે ત્યારે જુદી જુદી બેઠકોને લઈને ગણતરી કરવામાં આવી રહી છે. ગુજરાતમાં રહેલી મંદિર બેઠકોની વાત કરવામાં આવે તો ક્યારે પણ મંદિર બેઠકો ઉપર કોઈ એક પાર્ટીનું પ્રભુત્વ રહ્યું નથી. મંદિર બેઠકો ઉપર ભાજપ અને કોંગ્રેસની જીતવાની તકો એક સમાન રહી છે. વિતેલા વર્ષોના ઈતિહાસ ઉપર નજર કરવામાં આવે તો આ બાબત સ્પષ્ટ થઈ જાય છે. અન્ય પાર્ટીઓએ પણ કેટલીક વખત જીત મેળવી છે. ચોટિલા, દ્વારકા, સોમનાથ, ડાકોર, અંબાજી, પાવાગઢ, પાલીતાણા, ગીરનાર (દાતાર) જેવી મંદિરમાં આવેલા મત વિસ્તારમાં જુદી જુદી ચૂંટણીઓમાં ભાજપ અને કોંગ્રેસનો દેખાવ અલગ અલગ રહ્યો છે. વર્ષ ૨૦૧૨માં ચોટિલા બેઠક ઉપર ભાજપે જીત મેળવી હતી જ્યારે ૨૦૦૭માં કોંગ્રેસની જીત થઈ હતી. ૨૦૦૨ અને ૧૯૯૮માં આ બેઠક ઉપર અન્ય ઉમેદવારો જીતી ગયા હતા. આવી જ રીતે ૧૯૯૦માં આ બેઠક ઉપર જેડીયુએ જીત મેળવી હતી.

દ્વારકા બેઠક ઉપર ૨૦૧૨ અને ૨૦૦૭માં ભાજપે જીત મેળવી હતી. જ્યારે ૨૦૦૨ અને ૧૯૯૮માં આ બેઠક પર કોંગ્રેસે જીત મેળવી હતી. ડાકોરમાં ૨૦૧૨માં ભાજપે જીત મેળવી હતી. ડાકોર મંદિરમાં નડિયાદ બેઠક આવે છે. ૨૦૧૨માં સોમનાથની બેઠક પર કોંગ્રેસે જીત મેળવી હતી. ગીરનાર દાતારમાં સતત ચાર ચૂંટણીમાં ભાજપે જીત મેળવી છે.

# પ્રવિણ રામનો કોંગ્રેસમાં જોડાવાનો સંકેત



ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષથી ફિક્સ પગાર ધારકોના મુદ્દે ભાજપ સરકારને ભીંસમાં મૂકીને આંદોલનમાં સફળતા મેળવનાર સામાજિક યુવા નેતા પ્રવિણ રામ પણ કોંગ્રેસનો હાથ થામે તેવી શક્યતા છે. જે અંતર્ગત પ્રવિણ રામ અને કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત અને પ્રમુખ ભરતસિંહ સોલંકી વચ્ચે બેઠક યોજવામાં આવી હતી.

જેમાં સામાજિક નેતા પ્રવિણ રામે હાલ ચાલી રહેલા આશા વર્કરો અને બેરોજગાર યુવાનોના આંદોલનની મુશ્કેલીઓ અંગે ચર્ચા કરી હતી.

જો કે આ મીટીંગમાં તેમને સકારાત્મક પ્રતિભાવ મળતા આગામી બેઠક પણ યોજવામાં આવશે તેવી શક્યતા છે. તેમજ પ્રવિણ રામ આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષ સાથે જોડાઈને આ આંદોલનને આગળ વધારશે તેવી પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે પ્રવિણ રામે ફિક્સ પગારના મુદ્દે કરેલા આક્રમક આંદોલનના પગલે ભાજપ સરકારને નરમ પડવાની નોબત આવી હતી. તેમજ હાલ પણ તેમને જુનાગઢ અને તેની આસપાસના વિસ્તારમાં મુકવામાં આવેલા ઈકો સેન્સીટીવ ઝોન જાહેર કરવા બદલ તેનો પણ ત્રણ મહિના સુધી વિરોધ કર્યો હતો.

પ્રવિણ રામે અત્યાર સુધી યુવાનો, ખેડૂતો અને શોષિતો અંગે આક્રમક આંદોલન કરીને સરકારને ભીંસમાં મૂકી છે જો તે કોંગ્રેસ પક્ષમાં જોડાય તો તેનો સીધો ફાયદો થાય તેમ છે. તેવા સમયે પ્રવિણ રામે પણ કોંગ્રેસમાં જોડાવવાના સંકેતો આપ્યા છે, જેનાથી ભાજપની ચિંતામાં વધારો થયો છે.

## શહેરમાં એક સિવાયના બીજેપીના કોઈ ધારાસભ્ય રિપીટ નહીં થાય એવા સમાચારો વહેતા થતાં

# અમદાવાદ ભાજપના ધારાસભ્યો ચિંતામાં

ગાંધીનગર, તા. ૩

રાજ્ય વિધાનસભાની આગામી ચૂંટણીમાં બીજેપી દ્વારા ૧૫૦ પ્લસ બેઠકો જીતવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે બીજેપી 'નો રિપીટ' થિયરી અપનાવી શકે તેમ છે, જેના કારણે અમદાવાદ શહેરના વર્તમાન ૧૩ ધારાસભ્યો પૈકીના આનંદીબહેન પટેલ ચૂંટણી લડવાનો ઈનકાર કરી રહ્યા છે ત્યારે બાકીના એક ડઝન ધારાસભ્યોમાંથી એક સિવાયના બાકીના તમામ ઉમેદવારની ટિકિટ કાપવામાં આવે તેવી સંભાવના સૂત્રો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ભાજપ પાસે હાલ અમદાવાદની કુલ ૧૬ બેઠકોમાંથી ૧૪ બેઠકો ઉપર ભાજપનો કબજો હતો. જેમાંથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ રાજ્યસભામાં ચૂંટાઈ આવતા તેમણે નારણપુરા વિધાનસભા બેઠકના ધારાસભ્યપદેથી રાજીનામું આપ્યું હતું, જેના કારણે આ બેઠક ખાલી પડતા હાલ ભાજપના ૧૩ ધારાસભ્યો છે.

ભાજપના બાકી ૧૩ ધારાસભ્યોમાં પૂર્વ મહિલા ધારાસભ્ય આનંદીબહેન પટેલે પક્ષના મોવડીઓને આગામી ચૂંટણી નહીં લડવાનો પોતાનો ઈરાદો જણાવી દીધો છે. જયારે બાકી બચેલા એક ડઝન ધારાસભ્યોમાં વેજલપુરના ધારાસભ્ય કિશોર ચૌહાણ, પૂર્વ શહેર પ્રમુખ અને એલિસબ્રિજના ધારાસભ્ય રાકેશ શાહ, વર્તમાન શહેર પ્રમુખ અને નિકોલના ધારાસભ્ય જગદીશ પંચાલ, સંસદીય મંત્રી અને નરોડાના ધારાસભ્ય નિર્મલા વાધવાણી, વાહન વ્યવહાર (રાજ્ય) મંત્રી અને ઠક્કરબાપાનગરના ધારાસભ્ય વલ્લભ કાકડિયા, બાપુનગરના જગરૂપસિંહ રાજપૂત, અમરાઈવાડીના હસમુખ પટેલ, જમાલપુર ખાડિયાના ભૂષણ અશોક ભટ્ટ, મણીનગરમાં સુરેશ પતે, સાબરમતીના અરવિંદ પટેલ અને અસારવા (એસસી)ના ધારાસભ્ય રજનીકાંત એમ પટેલનો સમાવેશ થાય છે.


અમદાવાદ શહેરના જે એક ડઝન ધારાસભ્યોની ટિકિટ કપાવાની છે. તેમની પાછળ મોટાભાગના ધારાસભ્યોની નબળી કામગીરીને જવાબદાર માનવામાં આવી રહી છે. આ ઉપરાંત કેટલાક ધારાસભ્યો પોતાના વિસ્તારમાં યોગ્ય યોગદાન આપવામાં ઉણા ઉતર્યા હોવાનું પણ સામે આવ્યું છે. જયારે કેટલાક ધારાસભ્યો સામે તેમના વિસ્તારના લોકોનો ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. જયારે વલ્લભ કાકડિયાને ૭૦ વર્ષ કરતા વધુ વયનો મુદ્દો પણ નડી શકે છે. જેના કારણે ભાજપના મોવડીમંડળ દ્વારા આ ધારાસભ્યોને 'રિપીટ' કરવા માટે ઈચ્છુક નથી.

અમદાવાદ શહેરમાં કુલ ૧૪માંથી એક માત્રની ટિકિટ પાક્કી માનવામાં આવે છે તે છે રાજ્યના ગૃહ રાજ્ય મંત્રી અને વટવાના ધારાસભ્ય પ્રદીપસિંહ જાડેજા છે. ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની 'ગુડ બૂક'માં છે. આ ઉપરાંત પ્રદેશ મોવડીમંડળના હોદ્દેદારોના પણ તે 'પ્રીતિપાત્ર' સભ્ય છે.

આમ ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં અમદાવાદ શહેરના એક ડઝન ધારાસભ્યોની ટિકિટ 'નો રિપીટ' થિયરીમાં કપાય તેવી સંભાવના બળવત્તર બની હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે. જો કે, ભાજપ છેલ્લી ઘડીએ આ તમામને ટિકિટ આપી રિપીટ કરીને સૌને ચોંકાવી દે તેવી સંભાવનાને પણ નકારી શકાતી નથી તેવું પણ સૂત્રોમાં ચર્ચાઈ રહ્યું છે.

## ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષના ઉમેદવારો માટે

# ઉમેદવારો માટે વઢવાણની બેઠક ફેવરિટ



**વિજય રૂપાણી પોતાની રાજકોટ બેઠક છોડી વઢવાણથી ચૂંટણી લડવા માગે છે તો કોંગ્રેસના મનિષ દોષી પણ આ બેઠક પર પોતાનું નસીબ અજમાવવા માગે છે**



ગાંધીનગર, તા. ૩

ભાજપ એક તરફ ૧૫૦ બેઠકોનો દાવો કરે છે, બીજી તરફ મુખ્યમંત્રી વિજય રૂપાણી જ ખુદ પોતાની રાજકોટ બેઠક છોડી વઢવાણની સલામત ગણાતી બેઠક ઉપર ચુંટણી લડવા માગે છે, આ બેઠક ઉપર ભાજપના સિનિયર નેતા આઈ કે જાડેજા પણ લડવા માટે છે તેઓ પણ પોતાની મુળ બેઠક ધ્રાંગધ્રા છોડી વઢવાણની ટીકીટ માંગી રહ્યા છે. આ બેઠક માત્ર ભાજપી નેતાઓ માટે ફેવરીટ છે તેવું નથી આ બેઠક ઉપર કોંગ્રેસના પ્રવકતા મનિષ દોશી પણ પોતાનું નસીબ અજમાવવા માગે છે. હાલમાં વિજય રૂપાણી જે બેઠક ઉપરથી ચુટાયા હતા તે બેઠક ભાજપ માટે સલામત ગણાય છે. પણ કોંગ્રેસના ઈન્દ્રનીલ રાજયગુરૂ અહીં આક્રમક બની પ્રચાર કરી રહ્યા છે. ઈન્દ્રનીલ પોતાની બેઠક છોડી રૂપાણી સામે પડકાર બનવા આવ્યા છે. છેલ્લા ઘણા મહિનાઓથી તેમણે રૂપાણી સામે શરૂ કરેલા પ્રચારને કારણે ભાજપના ગઢમાં પણ આશંકાના વાદળો ઘેરાયા છે. આ બેઠક ઉપર કડવા પાટીદારની સંખ્યા વધારે છે અને બીજા ક્રમે કારડીયા રાજપુતો આવે છે. જે વર્ષોથી ભાજપની વોટ બેન્ક છે, આમ છતાં આ વર્ષે ગણિત બદલાય તેવા ડરમાં રૂપાણી રાજકોટ છોડી વઢવાણાની બેઠક માંગી રહ્યા છે.

જો કે ખુદ મુખ્યમંત્રી જ બેઠક બદલે તો સીગ્નલ ખોટા જવાનો પણ ભાજપને ડર છે. વઢવાણ પણ સવર્ણ મતદારોની બેઠક છે, જે ભાજપ સારી રીતે જીતી શકે તેમ છે. અને આ બેઠક ઉપર જૈનોની સંખ્યા નોંધપાત્ર છે. આ બેઠક ઉપર રૂપાણી અને જાડેજા બે દાવેદાર છે. અહીં જૈનની સંખ્યા હોવાને કારણે કોંગ્રેસના પ્રવકતા મનિષ દોશી પોતે ચૂંટણી જીતી શકશે તેવા દાવા સાથે કોંગ્રેસમાંથી ટીકીટ માગી રહ્યા છે.

# ગુનાઈત રેકર્ડ ધરાવતા ૨૦૦ ઉમેદવારોનેય ચૂંટણી લડવી છે

ગાંધીનગર, તા. ૩

ગુનાઈત રેકર્ડ ધરાવતા ૨૦૦થી વધુ મુરતિયાઓ ચૂંટણી લડવા માંગે છે -ભાજપ - કોંગ્રેસમાંથી દાવેદારી પણ નોંધાવી છે -મની લોન્ડરિંગ, સટ્ટાકાંડ, ખૂનનો આરોપ હોય એવા ઉમેદવારોને કયો પક્ષ ટિકિટ આપશે તેના પર સૌની નજર અમદાવાદ, તા.૨ નવેમ્બર ૨૦૧૭,ગુરૂવાર છેલ્લા ઘણાં વર્ષોથી દેશના રાજકારણમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા લોકોએ પગપેસારો કરી લીધો છે. તેઓને રાષ્ટ્રીય પક્ષ ટિકિટ આપે છે અને તેમાંથી આશ્ચર્ય વચ્ચે ઘણાં જીતી પણ જાય છે. ડીસેમ્બરમાં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડવા માટે ભાજપ અને કોંગ્રેસમાંથી ગુનાહિત રેકોર્ડ ધરાવતા ૨૦૦થી વધુ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે ! તેઓને જેલમાં નહિ પરંતુ મહેલમાં રહેવું છે.

આ વખતની ચૂંટણી વિશેષ કરીને સત્તાધારી ભાજપ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કેમ કે વડાપ્રધાન મોદી અને ભાજપનો ગઢ ગણાતા ગુજરાતના કાંગરા જો ખરવાનું ચાલુ થશે તો ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપને પછડાટ મળી શકે તેમ છે. આવી સ્થિતિને સમજતું ભાજપ હાઈકમાન્ડ કોઈ ચાન્સ લેવા માંગતુ નથી તેમજ કોઈ પણ ભોગે આ ચૂંટણી જીતવા માટેની તમામ તાકાત લગાવી રહ્યું છે. બીજી બાજુ વર્ષોથી સત્તા માટે તરફડી રહેલી કોંગ્રેસ માટે પણ અઢી દાયકા બાદ ચૂંટણી જીતવાની સુવર્ણ તક ઉભી થઈ છે.